ક્રમાંક:-મઉમશબ/ગે.નિ.શા/૨૦૨૫/૬૦-૬૩
ગુજરાત માધ્યમિક અને,
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૧૭/૦૧/૨૦૨૫

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
ગુજરાત રાજ્ય.

વિષય:- ફેબ્રુઆરી/માર્ચ-૨૦૨૫માં લેવાનાર ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની પરીક્ષા માટે ટોલ "ફ્રી" હેલ્પલાઇન બાબત.

ઉપરોકત વિષયના અનુસંધાનમાં જણાવવાનું કે ફેબ્રુઆરી/માર્ચ-૨૦૨૫ બોર્ડની જાહેર પરીક્ષા તા.૨૭/૦૨/૨૦૨૫ થી તા.૧૭/૦૩/૨૦૨૫ દરમ્યાન લેવાનાર ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની પરીક્ષા સંદર્ભે વિદ્યાર્થીઓ, વાલીઓ અને શાળાઓને માર્ગદર્શન મળી રહે તે માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ, બોર્ડ દ્વારા નીચે દર્શાવેલ ટોલ "ફ્રી" હેલ્પલાઇન નંબર, તારીખ અને સમય સુધી કાર્યરત રહેશે.

હેલ્પલાઇન ટોલ "ફ્રી" નંબર- ૧૮૦૦ ૨૩૩ ૫૫૦૦
તા. ૨૭/૦૧/૨૦૨૫ થી તા. ૧૭/૦૩/૨૦૨૫
સમય સવારે ૧૧:૦૦ થી સાંજે ૦૬:૦૦ કલાક સુધી

ઉપરોકત ટોલ 'ફ્રી' હેલ્પલાઇનની જાણકારી આપના તાબા હેઠળની શાળાઓના ધો-૧૦ અને ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓને મળી રહે તે માટે જરૂરી કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

આ ઉપરાંત આપની કચેરી દ્વારા જિલ્લા કક્ષાએ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવા માટે હેલ્પલાઇન શરુ કરવા તેમજ આ અંગે આપના દ્વારા કરવામાં આવેલ કાર્યવાહીની વિગતો અત્રે મોકલી આપવા જણાવવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત.
આવક નંબર :- 247
તારીખ :- 18/1
શાખા :-
સહી :-

(ડી.એસ.પટેલ)
સંયુક્ત નિયામક (પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

નકલ સવિનય રવાના:-

- માન.અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- માન. નાયબ અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.